પેર્ટુસિસ

વારંવાર પૂછાતા પ્રશ્નો

પેર્ટુસિસ શું છે?

પેર્ટુસિસ, જેને હૂપિંગ ઉધરસ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે બોર્ડેટેલા પેર્ટુસિસ નામના (*Bordetella pertussis*) બેક્ટેરિયાના કારણે થતો એક ખૂબ જ ચેપી શ્વસન રોગ છે.

કોને પેર્ટુસિસ થાય છે?

પેર્ટુસિસ તમામ વયના લોકોને અસર કરી શકે છે, પરંતુ શિશુઓને ગંભીર બીમારી અને જટિલતાઓનું સૌથી વધુ જોખમ હોય છે, જેનાથી તેમનું મૃત્યું પણ થઈ શકે છે.

મોટા બાળકો, કિશોરો અને પુખ્ત વયના લોકોને પણ પેર્ટુસિસ થઈ શકે છે. પુખ્ત વયના લોકોમાં, તેના કારણે ઘણીવાર લાંબા સમય સુધી ઉધરસની બીમારી થાય છે જેના કારણે, ખાસ કરીને જો શરૂઆતમાં નિદાન ન કરવામાં આવે, તો વારંવાર તબીબી મુલાકાતો લેવી પડે છે અને કામમાંથી રજા લેવાની જરૂર પડી શકે છે. પુખ્ત વયના લોકોમાંથી તેમના નજીકના સંપર્કમાં આવતા શિશુઓમાં તેનો ચેપ ફેલાઈ શકે છે.

લોકોને પેર્ટુસિસ કેવી રીતે થાય છે?

હૂપિંગ ઉધરસ ફેલાવતા બેક્ટેરિયા હવાના માધ્યમથી એક વ્યક્તિથી બીજી વ્યક્તિમાં સરળતાથી પ્રસરે છે. જ્યારે ચેપગ્રસ્ત વ્યક્તિ ઉધરસ ખાય છે અથવા છીંક ખાય છે, ત્યારે તેઓ બેક્ટેરિયા ધરાવતા નાના ડ્રોપલેટ્સ (છાંટા) હવામાં છોડે છે. પછી અન્ય લોકોના શ્વાસમાં આ ડ્રોપલેટ્સ જવાથી ચેપ લાગી શકે છે. પેર્ટુસિસવાળા લોકોમાં લક્ષણોની શરૂઆત થાય ત્યારથી અને ઉધરસ શરૂ થયા પછી ઓછામાં ઓછા બે અઠવાડિયા સુધી ચેપ તેઓ ફેલાવી શકે છે. સારવાર વિના, ચેપ ફેલાવાનો સમયગાળો લાંબો થઈ શકે છે.

પેર્ટુસિસના લક્ષણો શું છે?

પ્રારંભિક લક્ષણો ઘણીવાર સામાન્ય શરદી જેવા હોય છે અને તેમાં નીચે મુજબ શામેલ હોઈ શકે છે:

- છીંક
- ઉધરસ
- નાકમાંથી પાણી આવવું
- હળવો તાવ

1-2 અઠવાડિયા પછી, ઉધરસ સામાન્ય રીતે વધુ તીવ્ર બને છે અને તેમાં નીચે મુજબ શામેલ હોઈ શકે છે:

- ઝડપી, અનિયંત્રિત રીતે સળંગ ઉધરસ આવવી
- શ્વાસ લેવાનો પ્રયાસ કરતી વખતે મોટેથી "ઘરેરાટી" અવાજ આવવો (હંમેશા નથી આવતો)
- ઉધરસ આવ્યા પછી ગૂંગળામણ અથવા ઉલટી થાય

આ સળંગ ઉધરસ આવે ત્યારે શ્વાસ લેવામાં, ખાવામાં અને ઊંઘવામાં મુશ્કેલી પડી શકે છે.
સાજા થવામાં લાંબો સમય લાગી શકે છે, જેમાં ઉધરસ કેટલાક અઠવાડિયાથી મહિનાઓ સુધી ચાલે છે.

પેર્ટુસિસવાળા દરેક વ્યક્તિને સામાન્ય રીતે થતો "હૂપ" નથી થતો અને પુખ્ત વયના લોકોમાં મોટાભાગે નથી થતો. શિશુઓને બિલકુલ ઉધરસ ન હોઈ શકે અને તેના બદલે શ્વાસ લેવામાં વિરામ (એપનિયા) અથવા શ્વાસ લેવામાં નોંધપાત્ર મુશ્કેલી હોઈ શકે છે. શ્વાસ લેવામાં કોઈપણ મુશ્કેલી પડવાથી તાત્કાલિક તબીબી સહાય લેવી જરૂરી છે.

પેર્ટુસિસનું નિદાન કેવી રીતે થાય?
આરોગ્ય સંભાળ પ્રદાતા દર્દીના લક્ષણો અને કોઈ ચેપગ્રસ્ત વ્યક્તિના સંપર્કમાં આવ્યા હોવાની માહિતીના આધારે પેર્ટુસિસનું નિદાન કરે છે. ગળા અથવા અનુનાસિક વિસ્તારના પાછળના ભાગમાંથી નમૂના લેવામાં આવે છે અને પ્રયોગશાળામાં પરીક્ષણ કરવામાં આવે છે.

પેર્ટુસિસની સારવાર શું છે?
પેર્ટુસિસની સારવાર એન્ટિબાયોટિક્સ દ્વારા કરવામાં આવે છે. પ્રારંભિક સારવાર મહત્વપૂર્ણ છે કારણ કે તેનાથી નીચે મુજબની રાહત મળી શકે છે:

- જો વહેલી તકે શરૂ કરવામાં આવે તો માંદગીની તીવ્રતા ઘટાડો
- અન્ય લોકોમાં ફેલાતો અટકાવવામાં મદદ મળે છે

ગંભીર રીતે સળંગ ઉધરસ આવવાની શરૂઆત થાય તે પહેલાં સારવાર શરૂ કરવામાં આવે તો સૌથી અસરકારક છે.

પેર્ટુસિસને કેવી રીતે અટકાવી શકાય?
પેર્ટુસિસને અટકાવવાની શ્રેષ્ઠ રીત રસીકરણ છે.
વધારાના નિવારણ પગલાઓમાં ચેપગ્રસ્ત વ્યક્તિઓ સાથે નજીકના સંપર્કમાં આવવાનું ટાળી શકાય છે, ખાસ કરીને શિશુઓ અને જેમને તબીબી જટિલતાઓનું વધુ જોખમ હોય તેમણે ખાસ ધ્યાન રાખવું જોઈએ.
બે રસીઓ પેર્ટુસિસ સામે રક્ષણ આપવામાં મદદ કરે છે:

- શિશુઓ અને 7 વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે DTaP (ડિપ્થેરિયા, ટિટાનસ અને એસેલ્યુલર પેર્ટુસિસ)
- મોટા બાળકો, કિશોરો અને પુખ્ત વયના લોકો માટે Tdap (ટિટાનસ, ડિપ્થેરિયા અને એસેલ્યુલર પેર્ટુસિસ)

પેર્ટુસિસની રસી કોને મળવી જોઈએ?
પેર્ટુસિસ રસીકરણથી મળતું રક્ષણ સમય જતાં ઘટે છે, તેથી બૂસ્ટર ડોઝની જરૂર પડે છે.

- DTaP રસી શિશુઓ અને 7 વર્ષથી ઓછી ઉંમરના નાના બાળકોને શ્રેણીમાં આપવામાં આવે છે.
- મોટા બાળકો, કિશોરો અને પુખ્ત વયના લોકોમાં સુરક્ષા જાળવી રાખવા માટે Tdapની ભલામણ કરવામાં આવે છે.

નવજાત શિશુઓને 2 મહિનાની ઉંમરે રસીકરણ શરૂ ન થાય ત્યાં સુધી તેમનું શરીર પોતાની રીતે રક્ષણ વિકસાવવાનું શરૂ કરતું નથી, જેથી તેમના પ્રારંભિક જીવનમાં જોખમ સૌથી વધુ હોય ત્યારે તેઓ નબળા પડી શકે છે.
નવજાત શિશુઓને બચાવવામાં મદદ કરવા માટે, સગર્ભા લોકોને દરેક ગર્ભાવસ્થા દરમિયાન Tdap રસી લેવાની ભલામણ કરવામાં આવે છે, આદર્શ રીતે 27 થી 36 અઠવાડિયાની વચ્ચે, જે જન્મ પહેલાં બાળકને ટૂંકા ગાળાનું રક્ષણ આપવામાં મદદ કરે છે.

હું પેર્ટુસિસ વિશે વધુ માહિતી ક્યાંથી મેળવી શકું?

- આરોગ્ય સંભાળ પ્રદાતાઓ
- સ્થાનિક આરોગ્ય વિભાગો: localhealth.nj.gov
- ન્યૂ જર્સી ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ (New Jersey Department of Health): nj.gov/health/
- રોગ નિયંત્રણ અને નિવારણ કેન્દ્રો (Centers for Disease Control and Prevention, CDC): nfid.org/infectious-disease/whooping-cough/

આ માહિતી ફક્ત શૈક્ષણિક હેતુઓ માટે છે અને આરોગ્ય સંભાળ વ્યાવસાયિકો સાથે પરામર્શના બદલે ઉપયોગમાં લેવાના હેતુથી નથી.